| | | |
|---|---|---|
| Received on | : | 18/11/2014 |
| Registered on | : | 18/11/2014 |
| Decided on | : | 11/11/2022 |
| Duration | : | YY-MM-DD<br>07- 11 -23 |

## રાજકોટના મહે.૯મા એડી. સેશન્સ જજ (શ્રી જે.આઇ.પટેલ) સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ. રાજકોટ.

**સેશન્સ કેસ નં. ૨૫૩/૨૦૧૪**
**આંક–**

**ફરિયાદી:–** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :–** ૧. ઈનુસભાઈ ઈલીયાસભાઈ અનસારી,
ઉ.વ.૨૭,
રહે. હાલ મીરાનગર શેરી નં.૩,
૨૪ ઓરડી, ભરવાડના મકાનમાં,
રાજકોટ.

૨. ઈદ્રીશભાઈ ઈલીયાસભાઈ અનસારી,
ઉ.વ.૩૪,
ગાંધીગ્રામ, ગાંધીનગર શેરી નં.૪,
રાજકોટ.

**ગુન્હો:– આઈ.પી.સી. કલમ– ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ**

---------------------------------------------

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી આર.વી.કલોલા
આરોપીઓ તરફે : વિ.વકીલશ્રી આર.આર.બસીયા

---------------------------------------------

## -:: જજમેન્ટ ::-

(૦૧) આ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદ મુજબનો બનાવ તા.૩૧/૦૮/૨૦૧૪ ના રોજ રાત્રી ના કલાક ૧૦-૩૦ વાગ્યાના અરસામાં રૈયા રોડ, બાપા સીતારામ ચોક પાસે, રાજકોટ મુકામે બનવા પામેલ છે જેમાં આ કામના ફરિયાદી રાજેશભાઈ નરસંગભાઈ ડાંગરના નાનાભાઈ કનુ ઉર્ફે કાનો નરસંગભાઈ ડાંગરને આ કામના આરોપીઓએ બૈરાઓને જેમ તેમ બોલે છે તેમ કહી તેની સાથે ઝઘડો કરેલો અને તે વખતે આરોપી નં.૨ અને આરોપી નં.૧ નાએ કાનાભાઇને છાતીના ભાગે તથા માથાના ભાગે છરીના જીવલેણ ઘા મારી ગંભીર પ્રકારની ઈજાઓ કરી આઈ.પી.સી. કલમ-૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૦૨) આ કામના ફરિયાદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી જે રાજકોટ શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૨૩૯/૨૦૧૪ થી તા. ૦૧/૦૯/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. આ કામે તપાસ પૂરી થયા બાદ રાજકોટના ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જેને ફોજદારી કેસ નં. ૭૯૭૪/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. હાલના કામે આરોપીઓ સામેના આક્ષેપિત ગુનાઓ સેશન્સ ટ્રાયેબલ હોવાના કારણે સદરહુ કેસ આગળની ઈન્સાફી કાર્યવાહી માટે કેસ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ, જે સેશન્સ કેસ નં. ૨૫૩/૨૦૧૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૦૩) આ કામે આરોપઓને સમન્સ, વોરંટ કરતા આરોપી અદાલતમાં હાજર થતા આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સ વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ હોવાની ખાત્રી થતા, આ કામે આરોપી વિરૂદ્ધ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય તેટલા

પુરતા પુરાવાઓ હોવાથી આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત ગુનાઓ અન્વયે આંક–૧ થી વિ.પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીએ તહોમતનામુ ફરમાવેલ છે. સદર કામે આરોપીઓના આંક–૨ તેમજ ૩ થી પ્રાથમીક નિવેદન નોંધતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૦૪) આ કામમાં પ્રોસીક્યુશન તરફે આરોપીઓ વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવાઓ</u>**

| ફરી.સાહેદ (PW)નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૦૧ | પંચસાહેદ ગંભીરસિંહ કાળુભા જાડેજાની સોગંદ પરની જુબાની | ૧૮ |
| ૦૨ | પંચસાહેદ રવીભાઈ ભરતભાઈ કારીયાની સોગંદ પરની જુબાની | ૨૦ |
| ૦૩ | પંચસાહેદ સતીષભાઈ રસીકભાઈ ચૌહાણની સોગંદ પરની જુબાની | ૨૨ |
| ૦૪ | પંચસાહેદ પ્રકાશભાઈ શાંતીલાલ સોલંકીની સોગંદ પરની જુબાની | ૨૪ |
| ૦૫ | પંચસાહેદ દાનાભાઈ કમાભાઈ ચૌહાણની સોગંદ પરની જુબાની | ૨૮ |
| ૦૬ | પંચસાહેદ કેતનભાઈ રમેશભાઈ મોરબીયાની સોગંદ પરની જુબાની | ૨૯ |
| ૦૭ | ફરિયાદી રાજેશભાઈ નરસંગભાઈ ડાંગરની સોગંદ પરની જુબાની | ૪૨ |
| ૦૮ | ઈજાપામનાર સાહેદ કનુભાઈ નરસંગભાઈ ડાંગરની સોગંદ પરની જુબાની | ૪૫ |
| ૦૯ | સાહેદ કુસુમબેન કાન્તીલાલ પીઠવાની સોગંદ પરની જુબાની | ૪૮ |
| ૧૦ | મેડીકલ ઓફીસર ડો.હર્ષદ અમૃતલાલ દુસરાની | ૫૦ |

| | | |
|---|---|---|
| | સોગંદ પરની જુબાની | |
| ૧૧ | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સુભાષ કેશુભાઈ ઉઘાડની સોગંદ પરની જુબાની | ૫૪ |
| ૧૨ | પોલીસ સાહેદ નટવરલાલ કરશનજી બોરીસાગર ની સોગંદ પરની જુબાની | ૫૯ |
| ૧૩ | ફરિયાદ લેનાર પોલીસ સાહેદ નાનજીભાઈ ભીમસિંહ ભાઈ ભરડવાની સોગંદ પરની જુબાની | ૬૨ |
| ૧૪ | સાહેદ કિરણભાઈ વ્રજલાલભાઈ ઠકરારની સોગંદ પરની જુબાની | ૬૬ |
| ૧૫ | ત.ક.અમલદાર પો.ઈ. વિરભદ્રસિંહ મહિપતસિંહ જાડેજાની સોગંદ પરની જુબાની | ૭૯ |

## દસ્તાવેજી પુરાવાઓ

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૯ |
| ૦૨ | આરોપીઓનું અટક પંચનામુ | ૨૩ |
| ૦૩ | ડિસ્કવરી પંચનામુ | ૨૫ |
| ૦૪ | મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ | ૩૦ |
| ૦૫ | અસલ ફરિયાદ | ૪૩ |
| ૦૬ | મેડીકલ સર્ટીફીકેટ | ૫૧ |
| ૦૭ | દર્દી ભાનમાં આવ્યેથી જાણ કરવા બાબતનો પત્ર | ૫૨ |
| ૦૮ | અસલ ડી.ડી. | ૫૫ |
| ૦૯ | પોલીસ દ્વારા ડી.ડી. લેવા પધારવા અંગેની યાદીઓ | ૫૬, ૫૭ |
| ૧૦ | હથિયારબંધીના જાહેરનામાની પ્રમાણીત નકલ | ૬૦ |
| ૧૧ | ગુનો દાખલ કરવા અંગેનો રીપોર્ટ | ૬૩ |
| ૧૨ | એફ.આઈ.આર.ની નકલ | ૬૪ |
| ૧૩ | એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશન મોબાઈલ વાન દ્વારા કરાયેલ પ્રાથમીક રીપોર્ટ | ૮૦ |
| ૧૪ | પી.એસ.ઓ. દ્વારા લખાયેલ પત્ર | ૮૧ |
| ૧૫ | ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ | ૮૨ |
| ૧૬ | એચ.એમ.રીપોર્ટ | ૮૩ |

| | | |
|---|---|---|
| ૧૭ | ત.ક.અ. દ્વારા ફરિયાદી અને આરોપીના બ્લડ સેમ્પલ લેવા કરાયેલી યાદી | ૮૪, ૮૫ |
| ૧૮ | સીવીલ હોસ્પીટલ દ્વારા ફરિયાદી અને બન્ને આરોપીના બ્લડ સેમ્પલ લેવાયેલ તેના કાગળો કુલ–૩ | ૮૬ |
| ૧૯ | સારવાર સર્ટીફીકેટ તૈયાર કરવા બાબતનો પત્ર | ૮૭ |
| ૨૦ | બનાવવાળી જગ્યાનો અભિપ્રાય આપવા બાબતનો પત્ર | ૮૮ |
| ૨૧ | બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા બાબતનો પત્ર | ૮૯ |
| ૨૨ | આરોપીઓનો અટકાયતી મેમો | ૯૦ |
| ૨૩ | આરોપીઓની રીક્ષા અંગેનો અભિપ્રાય આપવાનો પત્ર | ૯૧ |
| ૨૪ | રીક્ષાના ફોટોગ્રાફ્સ | ૯૨,૯૩ |
| ૨૫ | રીક્ષાની માલીકીની વિગત દર્શાવતો શ્રી રામ ફાઈનાન્સ કંપનીનો પત્ર | ૯૪ |
| ૨૬ | કોલ ડીટેઈલ માંગતો પત્ર | ૯૫ |
| ૨૭ | કોલ ડીટેઈલ રીપોર્ટ | ૯૬ |
| ૨૮ | સર્કલ ઈન્સ્પેકટરશ્રીને સ્થાનિક જગ્યાનો નકશો બનાવવા માટે લખાયેલ પત્ર | ૯૭ |
| ૨૯ | એફ.એસ.એલ. કચેરી દ્વારા આપવામાં આવેલ સીરોલોજીકલ રીપોર્ટ કુલ ત્રણ કાગળો | ૯૮ |
| ૩૦ | ત.ક.અ. દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કરવામાં આવેલ પત્ર, મુદ્દામાલ વર્ણન, સીલનો નમુનો, રવાનગી યાદી અને સત્તા અંગેનું પ્રમાણપત્ર કુલ–૭ કાગળો | ૯૯ |
| ૩૧ | મુદ્દામાલ છરીની સાથેની કાગળની સ્લીપ | ૧૦૦ |
| ૩૨ | ભોગબનનારના ટીશર્ટ સાથે ચોટાડેલી સ્લીપ | ૧૦૧ |
| ૩૩ | આરોપી યુનુસ ઈલીયાસના કપડા સાથે નીકળેલી સ્લીપ | ૧૦૨ |
| ૩૪ | આરોપી ઈદ્રીસ ઈલીયાસના કપડા સાથે નીકળેલી સ્લીપ | ૧૦૩ |

(૦૫) આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક-૧૦૫ થી પુરસીસ રજુ કરી ફરિયાદપક્ષનો પુરાવો પુરાવો થયાનું જાહેર કરવામાં આવેલ છે.

(૦૬) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ મુજબ આરોપીઓ ના પ્રશ્નોત્તરી સ્વરૂપે નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓને તેમની વિરૂદ્ધનો પુરાવો વાંચી સંભળાવી, સમજાવતા આરોપીઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતનો ઈન્કાર કરેલ છે અને બચાવ પક્ષે સાહેદો તપાસવા છે તેમજ તેઓએ સોગંદ ઉપરની જુબાની આપવી છે તેમ જણાવેલ છે.

(૦૭) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જ્યારે આરોપીઓ તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક સાંભળવામાં આવેલ છે.

(૦૮) આ કામે કેસના આખરી ન્યાય નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧:-** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૩૧/૦૮/૨૦૧૪ ના રોજ કલાક ૧૦-૩૦ વાગ્યાના અરસામાં રૈયા રોડ, બાપા સીતારામ ચોક પાસે, રાજકોટ મુકામે આ કામના ફરિયાદી રાજેશભાઈ નરસંગભાઈ ડાંગરના નાનાભાઈ કનુ ઉર્ફે કાનો નરસંગભાઈ ડાંગરને આ કામના આરોપીઓએ બૈરાઓને જેમ તેમ બોલે છે તેમ કહી તેની સાથે ઝઘડો કરેલો અને તે વખતે આરોપી નં.૨ નાએ કાનાભાઈને પકડી રાખેલ અને આરોપી નં.૧ નાએ કાનાભાઈને છાતીના ભાગે તથા માથાના ભાગે છરીના જીવલેણ ઘા મારી ગંભીર

પ્રકારની ઈજાઓ કરી આઈ.પી.સી. કલમ– ૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨:–** શું હુકમ ?

(૦૮.૧) આ કેસમાં ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧:–** નકારમાં.

**મુદ્દા નં.૨:–** આખરી હુકમ મુજબ

(૦૯) ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

**::– કા ર ણો ::–**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા::–</u>**

(૧૦) ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી નાઓએ રજુઆત કરી જણાવેલ છે કે, ફરિયાદીની આંક–૪૩ ની ફરિયાદ પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે કુલ–૧૫ સાહેદોને સોગંદ ઉપર તપાસેલા છે, તેમજ વિવિધ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે. આ કામના આરોપીઓ વિરૂદ્ધ માનવ હત્યાની કોશીષ જેવા ગંભીર પ્રકારના અપરાધનો આક્ષેપ છે. આ કામના આરોપીઓએ એકબીજાને મદદગારી કરી આ કામના ફરિયાદી રાજેશભાઈ નરસંગભાઈ ડાંગરના નાનાભાઈ કનુ ઉર્ફે કાનો નરસંગભાઈ ડાંગરને આ કામના આરોપીઓએ બૈરાઓને જેમ તેમ બોલે છે તેમ કહી તેની સાથે ઝઘડો કરેલો અને આરોપી નં.૨ નાએ કાનાભાઈને પકડી રાખેલ અને આરોપી નં.૧ નાએ કાનાભાઇને છાતીના ભાગે તથા માથાના ભાગે છરીના જીવલેણ ઘા મારી ગંભીર પ્રકારની ઈજાઓ કરેલાનો આક્ષેપ છે અને તે સંજોગોમાં રેકર્ડ ઉપર રજુ થયેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના આધારે ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂદ્ધનો પોતાનો

કેસ નિઃશંકપણે સાબીત કરવામાં સફળ રહેલા છે. વધુમાં તેમણે જણાવેલ છે કે, તમામ સાહેદોની જુબાનીઓથી આરોપીએ આંક–૧ ના તહોમતનામા મુજબનો ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, પંચનામાના પંચોએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં સદર પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી, પરંતુ તપાસ કરનાર અધિકારીએ તે પંચનામાઓ પંચોની હાજરીમાં તેમની રૂબરૂ થયેલા હોવાનું જણાવેલ છે, જેથી સદર પંચનામાઓ ફરિયાદપક્ષ તરફે પુરવાર કરી શકેલ છે જેથી ફરિયાદ હકીકત મુજબ આરોપીઓએ ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે આરોપી સામે પુરવાર કરી શકેલ છે. તેથી આરોપીને સખત અને કાયદેસરની સજા ફરમાવવા વિનંતી કરેલ છે.

(૧૦.૧)આરોપી તરફે તેમના વિ.વકીલશ્રી દ્વારા મુખ્યત્વે દલીલ કરવામાં આવેલ છે કે આ કામના આરોપીઓ વિરૂદ્ધ આઈ.પી.સી. કલમ –૩૦૭ વિગેરે મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે અને આ કામે નામ. કોર્ટે આંક–૧ થી તે મુજબનું તહોમતનામુ ફરમાવેલ છે. ફરિયાદપક્ષ તરફથી જુદા જુદા ૧૫ સાહેદોને તપાસવામાં આવેલા છે તે પૈકી ફરિયાદપક્ષ તરફે રજુ થયેલા જુદા જુદા પંચનામાના પંચસાહેદોએ ફરિયાદપક્ષના કથનને કોઈ સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે તે સંજોગોમાં ફરિયાદપક્ષ પંચનામા સાબીત કરી શકેલ નથી. મેડીકલ ઓફીસરે આપેલ પુરાવાને પણ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. ફરીયાદી ની જુબાની અને ઈજાપામનાર ની જુબાની જોતા બનાવ બાબતે તથા સ્થળ બાબતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલ છે. ફરીયાદી બનાવ નજરે જોનાર નથી, ફરિયાદ મુજબ બનાવ ની હકીકત ઈજાપામનારે જણાવેલ છે, જે હકીકત ને પણ ઈજાપામનાર ની જુબાની થી સમર્થન મળતુ નથી. સાહેદ કુસુમબેન, કિરણભાઇ હોસ્ટાઇલ છે, જીતેન્દ્રભાઇ ને તપાસેલ નથી, જ્યારે તપાસ

ના કામે સુરેશ બટુક, પિયુષભાઈ ના કોઇ નિવેદન લેવાયેલ નથી કે તેઓને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. આમ, ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી આંક–૧ ના તહોમતનામા મુજબના આરોપો ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**<u>રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકનઃ–</u>**

**<u>ફરીયાદ હકીકત ને લગતા ફરિયાદી તથા સાહેદોના પુરાવાઃ–</u>**

(૧૧) ફરિયાદપક્ષ તરફે આ કામે સૌપ્રથમ PW–7 ફરિયાદી રાજેસભાઈ નરસંગભાઈ ડાંગરને આંક–૪૨ થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આજથી ત્રણ વર્ષ પહેલા એટલેકે, વર્ષ–૨૦૧૪ માં બનેલો તે દિવસે રાત્રીના સમયે તેઓ અને તેમના પત્ની તેમના માસી લક્ષ્મીબેનના ઘરે બેસવા ગયેલા દરમ્યાન તેમના મિત્ર પિયુષનો ફોન આવેલ અને જણાવેલ કે, "તારા નાના ભાઈ કાનાને લાગી ગયેલ છે". જેથી તેઓ સતવારા સમાજની વાડી પાસે, શ્રીજી પાર્ક મીરાનગર આસપાસ આવેલ પિયુષભાઈના મકાને પહોંચેલા ત્યારે તેમનો ભાઈ કાનો લોહી થી લથપથ હાલતમાં પડેલો હતો. ત્યારબાદ તેમના મિત્ર સુરેશભાઈએ એમ્બ્યુલન્સને ફોન કરેલ અને એમ્બ્યુલન્સ આવતા તેઓ અને સુરેશભાઈ કાનાને લઈને સરકારી હોસ્પીટલે ગયેલા અને તેમના ભાઈ કાનાને છાતીના ભાગે વાગેલ હતુ હોસ્પીટલ ગયા બાદ ડોકટરે સારવાર કરેલી અને હોસ્પીટલ જતા રસ્તામાં એમ્બ્યુલન્સમાં તેમના ભાઈ કાનાએ તેમને જણાવેલુ કે, "હું મારા મિત્રના ઘરે હતો ત્યારે ત્યાં કોઈ લેડીસ વચ્ચે બોલાચાલી થતી હતી અને તેઓને મેં આ બોલાચાલી અટકાવવાનું કહેતા મને ગાળો દેવા લાગેલ તેથી મારા મિત્રએ મને ત્યાંથી જતો રહેવાનું કહેલુ" ત્યારબાદ મારા ભાઈ કાનાએ તેમને વધુમાં જણાવેલુ કે, "હું અને મારો મિત્ર ગાયત્રી પાન પાસે ઉભા હતા ત્યારે યુનુસ અને તેનો ભાઈ ત્યાં રીક્ષા લઈને આવેલા અને મને

ત્યાંથી થોડે દુર આવેલ મામા સાહેબના મંદિર પાસે લઈ ગયેલા જયાં યુનુસના ભાઈએ મને પકડી રાખેલ અને યુનુસે છાતીના ભાગે છરીના ઘા મારી દીધેલા." તેમના ભાઈ કાનાને આ લોકોએ માથા તથા પગમાં પણ માર મારેલાનું તેમના ભાઈ કાનાએ તેમને જણાવેલુ. ત્યારબાદ તેમણે આ બનાવની ફરિયાદ યુનુસ અને તેના ભાઈ પર તેમના ભાઈ કાનાને છરીથી મારવા અંગેની ફરિયાદ આપેલી જે અસલ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૩ થી રજુ કરેલ છે તેમજ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ એફ સીલ કાપડની થેલીમાં બંધ હોય તે કોર્ટ રૂબરૂ ખોલતા તેમાંથી મુદ્દામાલ છરી ઓળખી બતાવેલ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં.આઈ સીલ કાપડની થેલીમાં બંધ હોય તે કોર્ટ રૂબરૂ ખોલતા તે તેમના ભાઈ કનુ ઉર્ફે કાનાએ બનાવ વખતે પહેરેલ ભુખરા રંગનું ટીશર્ટ હોવાનું ઓળખી બતાવેલ છે.

(૧૧.૧)આ સાહેદે તેની આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેમના માસી લક્ષ્મીબેન રંભામાની વાડી શાસ્ત્રીનગર આગળ આવેલ છે અને રંભામાની વાડીથી પીયુષભાઈના ઘરે પહોંચતા ૧૫ થી ૨૦ મીનીટ જેટલો સમય લાગે. એ વાત ખરી છે કે પીયુષભાઈ અને સુરેશભાઈ સાથે તેમને સારા સંબંધો છે. પીયુષભાઈનો ફોન ક્યા નંબર પરથી આવેલો તે તેમને યાદ નથી તેમજ તેઓ તેમના ભાઈ કાના પાસે પહોંચેલા ત્યારે ત્યારે એમ્બ્યુલન્સ ૧૦૮ ને ફોન કરવામાં આવેલ હતો, કાનાભાઈને એમ્બ્યુલન્સમાં તેઓએ બેસાડેલ તે જાતે બેસેલ નહીં. તેમના ભાઈ કાનાભાઈને એમ્બ્યુલન્સમાં બેસાડેલ ત્યારે તેઓના હાથ લોહી વાળા થયેલા. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે બનાવ અંગે તેમને કોઈ અંગત જ્ઞાન નથી તેમજ પીયુષભાઈના મકાના આજુબાજુના મકાનો આવેલા છે અને ઘણાં માણસો રહે છે, મામા સાહેબના મંદિર પાસે ઘણી દુકાનો આવેલી છે, હોસ્પીટલ પહોંચી ત્યાં આવેલ પોલીસ ચોકીમાં મેં પોલીસને કોઈ જાણ કરેલ નથી. હોસ્પીટલમાં ડોકટરને મેં બનાવની વાત

કરેલી. મેં આ ફરિયાદ હોસ્પીટલમાં હતો ત્યારે આપેલી. એ વાત ખરી છે કે મેં જયારે ફરિયાદ આપેલી ત્યારે મારો ભાઈ કાનો ઓપરેશન થીયેટરમાં હતો. તેમજ એ વાત ખરી છે કે, સરતપાસમાં કાનાના મિત્રનું નામ જણાવેલ નથી. પોલીસે તેમને કોઈ છરી બતાવેલી નહીં તેનો ઈન્કાર કરેલ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સ્થળ તપાસ વખતે પોલીસે છરી બતાવેલી. સ્થળ તપાસ વખતે મેં છરી પોલીસ વાળા સાહેબના હાથમાં જોયેલી. તે સિવાય અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૧૧.૨)સદર કામે ફરિયાદીની જુબાની જોતા તેઓ ઈજા પામનાર કનુભાઈના ભાઈ થાય છે પરંતુ તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તેઓની જુબાની મુજબ બનાવની હકીકત તેઓને તેમના ભાઈ કનુભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં દવાખાને જતી વખતે જણાવેલ હોવાનું કહેવું છે. સદર કામે આંક-૪૩ ની ફરિયાદ જોતા બનાવ અંગેની હકીકત કનુભાઈ જયારે પીયુષભાઈના ઘર પાસે પડેલ હતા તે વખતે જણાવેલ તેમજ તેઓ જયારે હોસ્પીટલમાં હતા ત્યારે કનુભાઈના મિત્ર અજયભાઈ ચુડાસમાએ તેઓને વાત કરેલ કે નીલેશભાઈ ભરવાડની ઓરડીઓમાં બોલાચાલી થયેલ હોવાનું ફરિયાદમાં જણાવેલ છે. વધુમાં પીયુષભાઈના ઘરની આજુબાજુ મકાનમાં ઘણાં લોકો રહેતા હોવાનું અને ડોકટરને તેઓએ હિસ્ટ્રી આપેલ હોવાનું જણાવેલ છે. તેમજ સરતપાસમાં કાનાભાઈના કોઈ મિત્રનું નામ તેઓએ જણાવેલ નહીં હોવાનું સ્વીકારેલ છે. આમ, બચાવપક્ષની રજુઆત મુજબ ફરિયાદીને બનાવ અંગેની હકીકતની જાણ કયારે અને કોના દ્વરા થયેલી તે અંગે વિરોધાભાષ પ્રસ્તુત થયેલ હોવાની હકીકતને નહીં માનવા માટે કોઈ કારણ નથી.

(૧૨) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે બનાવમાં ઈજા પામનાર સાહેદ PW-8 કનુભાઈ નરસંગભાઈ ડાંગરને આંક-૪૫ થી સોગંદ ઉપર તપાસેલા છે તેઓઓ પોતાની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,

બનાવ તા.૩૧/૦૮/૨૦૧૪ ના રોજ રાત્રીના ૯ વાગ્યાની આસપાસ તેઓ તેમના મિત્રના ઘરે ગયેલા અને ત્યાં ૧૫ મીનીટ જેટલો સમય રોકાયેલા ત્યારબાદ ઘરે જવા માટે નીચે ઉતરેલા અને ત્યારે તેમણે જોયુ તો અમુક બૈરાઓ ઝઘડો કરતા હતા અને તે બૈરાઓ પૈકી એકનું નામ કુસુમબેન હતુ અને તેમને તેમણે કહેલ કે માસી તમે ઘરમાં જાવ આ લોકોનું તો કાયમનું થયુ છે. ત્યારબાદ આ વાત પુરી થતા એક યુનુસભાઈ નામનો વ્યક્તિ આવેલો તેણે તેઓને કીધુ કે તું બારનો માણસ છે અહીંથી જતો રહે. એટલે તેઓએ તેમને કીધેલ કે, મારે તારી સાથે કોઈ વાંધો નથી મારી સાથે શુકામ માથાકુટ કરે છે એવું કહી ત્યાંથી નીકળેલો અને તેમની સાથે જીતુ પણ તેમની સાથે આવેલ અને ત્યાં મામા સાહેબ પાસે પહોંચતા મીરા નગર માંથી યુનુસ અને ઈદ્રીશ રીક્ષા લઈને આવેલા અને યુનુસે આવીને તેમને કહેલ કે, ત્યાં બૈરા હતા એટલે હું કાંઈ બોલ્યો નહોતો તારે શું હતુ, એવુ કહેતા તેમણે જીતુને કહેલ કે તું અહીં ઉભો રહે હું આ લોકો સાથે વાત કરી લઉ અને તે લોકો સાથે વાત કરવા હું રીક્ષામાં બેઠો અને મને આ લોકો રૈયા ગામ તરફ જવાના રસ્તે મામા સાહેબના મંદિર પાસે લઈ ગયા અને ત્યાં શું છે તારે તેમ કહી ઝઘડો કરવા લાગેલા પછી યુનુસે મને મારવા છરી કાઢેલ અને ત્યારે બચવા માટે પગ વચ્ચે નાખતા મને પગમાં છરી વાગી ગયેલી પછી ત્યાંજ ઈદ્રીશે મને રીક્ષામાં પાછળની સીટે પકડી રાખેલ અને યુનુસે મને છાતીના ભાગે છરીના બે ઘા મારેલા અને પછી મેં બચવા માટે જોર કરીને રીક્ષા માંથી ઉતરીને ભાગવાનો પ્રયત્ન કરતા ફરીવાર યુનુસે મને માથામાં એક ઘા મારેલ. પછી હું મીરા નગર તરફ જતા ત્યાં રહેતા મારા મિત્ર પિયુષના ઘરે પહોંચેલો અને મેં પીયુષને કીધુ કે તું ૧૦૮ ને ફોન કર તે દરમ્યાન મારા વિસ્તારમાં રહેતા સુરેશભાઈ જે હોમગાર્ડમાં નોકરી કરે છે તે ત્યાં પહોંચેલા અને તેણે ૧૦૮ ને ફોન કરેલો અને તે દરમ્યાન મારો ભાઈ રાજેશ પણ ત્યાં આવી ગયેલો પછી મને ૧૦૮ માં સરકારી હોસ્પીટલ લઈ ગયેલા અને ત્યાં મારી

સારવાર કરેલી અને પછી આ બાબતેની ફરિયાદ મારા મોટાભાઈ રાજેશભાઈએ યુનુસ અને ઈદ્રીશ ઉપર મને માર મારવાની ફરિયાદ કરેલી અને બીજા દિવસે એટલેકે તા. ૦૧/૦૯/૨૦૧૪ ના રોજ પોલીસે મારી પુછપરછ કરેલી તેમ જણાવી આરોપીઓને ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ છરી તેમજ તેમણે બનાવ વખતે પહેરેલ કપડા જેમાં ભુખરા રંગનું ટીશર્ટ ઓળખી બતાવેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, તેઓ હોસ્પીટલમાં હતા ત્યારે મામલતદાર સાહેબે તેમનું નિવેદન નોંધેલુ તેમ જણાવી માર્ક–૧૬/૧૩ ના નિવેદનની નકલ ઓળખી બતાવેલ છે તેમજ પોલીસે આ બનાવ બાદ બીજી એક વખત પણ આશરે દોઢ મહીના બાદ તેમની પુછપરછ કરી નિવેદન નોંધેલુ તેવી હકીકત જણાવેલ છે.

(૧૨.૧)આ સાહેદે તેની આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, જીતુભાઈ અને પીયુષભાઈ મારા મિત્રો છે અને રાજેશભાઈ મારા ભાઈ છે. આ જીતુભાઈ જેઓ નીલેશભાઈ ભરવાડની ઓરડીમાં, મીરાનગર શેરી નં.૩, રૈયા રોડ, ખાતે રહેતા હતા અને આ નીલેશભાઈ ની ૨૪ ઓરડીઓમાં ઘણાબધા માણસો રહે છે તેમજ નીલેશભાઈ ભરવાડની ઓરડીમાં સ્ત્રીઓ વચ્ચે બોલા–ચાલી થેયલી. હોસ્પીટલમાં લઈ જતા સમયે મારી સાથે ૧૦૮ એમ્બ્યુલેન્સ માં મારો ભાઈ, તથા સુરેષભાઈ હતા તેટલુ યાદ છે, તે સીવાય કોઈ હતા કે કેમ તે યાદ નથીં. મને હોસ્પીટલમાં લઈ જતા હતા ત્યારે હું થોડુ થોડુ બોલી શક્તો હતો. મને હોસ્પીટલ લઈ જતા હતા ત્યારે મને અસહ્ય દુખાવો થતો હતો અને હું રાડો પાડતો હતો. હોસ્પીટલ પહોંચ્યા બાદ ડૉક્ટરે મારી સારવાર ચાલુ કરેલી. હું સવારે ભાનમાં આવેલ ત્યારે પોલીસને મળવાનો પ્રસંગ બનેલો. હોસ્પીટલ ગયા બાદ સારવાર ચાલુ થયેલી અને હું બેભાન થયેલો અને હું સવારે ભાનમાં આવેલ તે દરમ્યાન મારે મારા ભાઈ સાથે વાતચીતનો પ્રસંગ બનેલો નહીં. હું પીયુષભાઈના ધર પાસે પહોંચેલ ત્યારે મને અસહ્ય પીડા થતી હતી અને "૧૦૮ને બોલાવો "તેવુ કહેતો હતો. બનાવના બીજા દિવસે હું ભાનમાં આવેલ તે પહેલા મારા ભાઈએ ફરિયાદ

આપી દીધેલી હતી. મેં મામલતદાર સાહેબને બનાવ વિષે હકીકતો જણાવેલી. એ વાત ખરી છે કે, રૈયા રોડ પર ઘણી દુકાનો આવેલી છે અને દિવસ અને રાત્રીના ત્યાં ઘણાં માણસોની અવર જવર ચાલુ જ હોય છે. શ્રીરામ કોમ્પ્લેક્ષ અને મામા સાહેબનુ મંદીર રૈયા રોડ પર આવેલુ છે. મેં ડૉક્ટરને બનાવની કોઈ વાત કરેલી નહીં. બનાવ સમયે હું સમયે એકલો હતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, રિક્ષામાં બનાવ બનેલો ત્યારે હું એકલો હતો. ગાયત્રી પાન વાળા ચોકમાં બનેલ બનાવ વખતે મારો મિત્ર જીતુ મારી સાથે હતો. એ વાત ખરી છે કે, ગાયત્રી પાન મામા સાહેબના મંદીર સામેની તરફ આવેલ છે. બનાવ સમયે ગાયત્રી પાન ની દુકાન ખુલ્લી હતી અને ત્યાં ઘણાં માણસો હાજર હતા. પીયુષભાઈ જ્યાં રહે છે તે જગ્યાની આજુબાજુ ઘણાં મકાનો આવેલ છે અને ઘણાં માણસો રહે છે. તમે પોલીસને છરીનુ કોઈ વર્ણન લખાવેલુ નથીં, તેવા સવાલના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, મેં પોલીસને માત્ર છરી તેટલુ જણાવેલુ. એ વાત ખરી છે કે, પોલીસે મને આ છરી બતાવેલી નહીં. મેં આ છરી પ્રથમ વખત કોર્ટમાં ઓળખી બતાવેલી. હું હાલ રિક્ષા ચલાવુ છુ અને બનાવ વખતે પણ રિક્ષા ચલાવતો હતો. રાજકોટ શહેરમાં ઘણી રીક્ષાઓ છે અને ઘણાં માણસો રિક્ષા ચલાવે છે. એ વાતની મને ખબર નથીં કે, રિક્ષા ચાલકો વચ્ચે પેસેંજર ભરવા બાબતે ઘણી વખત ઝગડાઓ થતા હોય છે. એ વાત ખરી છે કે, ઈદ્રીસભાઈને પગે પોલીયો છે અને તે માંડ માંડ ચાલી શકે છે. તેમજ તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલો છે કે મેં મારી સરતપાસમાં જણાવેલ હકીકત"ઈદ્રીસે મને પાછળથી પકડી રાખેલ અને યુનુસે છરી મારેલ" તે હકીકત ખોટી જણાવુ છુ. તે સિવાય અન્ય હકીકતોનો ઈન્કાર કરેલો છે.

(૧૨.૨)સદર સાહેદ ફરિયાદપક્ષના કેસ મુજબ ઈજા પામનાર સાહેદ છે. તેઓની સમગ્ર જુબાની એકરૂપ રીતે જોતા બનાવ બે તબક્કામાં બનેલ હોવાનું ફલીત થાય છે. પ્રથમ બનાવ તેઓના મિત્રના ઘરે બૈરાઓનો ઝઘડો થયેલો તે વખતે બનેલો તેમજ ત્યારબાદ રૈયા ગામ તરફ જવાના રસ્તે

મામા સાહેબના મંદિર પાસે બનેલ હોવાનું ફલીત થાય છે. સદર સાહેદને ઈજા થતા તેઓ તેમના મિત્ર પીયુષના ઘરે પહોંચેલા અને પીયુષભાઈને ૧૦૮ ને ફોન કરવા જણાવેલ જેથી સુરેશભાઈ હોમગાર્ડમાં જે નોકરી કરે છે તેઓએ ૧૦૮ ને ફોન કરેલ હોવાનું અને તે અરસામાં તેમના ભાઈ રાજેશભાઈ આવી ગયેલા અને તેઓને સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલ હોવાનું જણાવેલ છે. સદર સાહેબની જુબાની જોતા તેઓએ બનાવની હકીકત ક્યારે તેમના ભાઈ રાજેશભાઈને કરેલી તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલી નથી. વધુમાં સદર સાહેદે તેમની ઉલટતપાસમાં પ્રથમ બનાવ બનેલો ત્યાં ૨૪ ઓરડીઓમાં ઘણાં બધા માણસો રહેતા હોવાનું તેમજ પીયુષભાઈ જ્યાં રહે છે તે જગ્યાએ પણ ઘણાં બધા માણસો રહેતા હોવાનું જણાવેલ છે. વધુમાં સદર સાહેદે તેઓને એમ્બ્યુલન્સમાં લઈ જતા હતા ત્યારે થોડુ થોડુ બોલી શકતા હતા અને રાડો પાડતા હોવાનું જણાવેલ છે અને હોસ્પિટલ પહોંચ્યા બાદ સારવાર ચાલુ થયેલી અને તેઓ બેભાન થયેલા અને સવારે ભાનમાં આવેલ તે દરમ્યાન તેઓને તેમના ભાઈ સાથે વાતચીતનો કોઈ પ્રસંગ બનેલો નહીં હોવાનું સ્વીકારેલ છે. વધુમાં સદર સાહેદે બનાવ અંગેની કોઈ હકીકત ડોકટરને જણાવેલી નથી. તેમજ ઈદ્રીસભાઈને પગે પોલીયો છે અને માંડ માંડ ચાલી શકે છે તે હકીકતનો સ્વીકાર કરેલ છે.

(૧૩) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે PW-9 સાહેદ કુસુમબેન કાન્તીલાલ પીઠવાને આંક-૪૮ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ પોતાના સોગંદ પરના પુરાવામાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તેઓ તા. ૦૧/૦૯/૨૦૧૪ ના અરસામાં મીરાનગર શેરી નં.૩ માં નીલેશભાઈ ભરવાડની ઓરડી-૧૦ બાપાસીતારામ ચોક, રૈયારોડ રાજકોટ રહેતા હતા અને આ તારીખે તેઓ તેમના ઘરમાં રસોઈ કરતા હતા ત્યારે સવારે ૮ થી ૮-૩૦ વાગ્યે ઘરમાં હતા ત્યારે દોરી ઉપર કપડા સુકવવા બાબતે અનીશાબેનનો દિકરો ધ્રુકેશ, નિકુંજ તથા ફાતમાં બેન

અને અનીશાબેન વચ્ચે ઝઘડો થયો હતો તે વખતે તેઓ કચરો નાખવા બહાર નીકળેલી તે વખતે તેઓ અંદરો અંદર ગાળો બોલતા હતા. ફાતમાબેને એવુ કહેલ કે કુસુમબેન સાંભળતા હતા તેણે એમ કહેલ કે મેં સાંભળેલ નથી મને જગડામાં સાંભળેલ નથી અને અમે ઝઘડાથી કાયર છીએ. ત્યારે કાનાભાઈ જે ત્યાં રહેતા હતા તે તેના સગાને ત્યાં ઉપર આવેલા હતા ત્યારે કાનાભાઈ ઘરે જવા માટે નીચે ઉતરતા હતા ત્યારે તેમણે ઉભીને ઝઘડો જોયેલો અને મારી સાથે કોઈ માથાકુટ કરતા નથી ને તેવુ જોયેલુ અને તેણે કહેલ કે માસી તમે ઘરમાં જતા રહો તમારી તબીયત સારી નથી આ લોકોના રોજના ઝઘડા ચાલુ જ હોય છે. પછી હું ઘરમાં જતી રહી અને કાનાભાઈ જતા રહેલા તે સિવાય કોઈ બનાવ બનેલો હોય તો તે બાબતે તેમને કોઈ જાણવા મળેલ નહીં અને કોઈએ કોઈને છરી મારી હોય તેવું તેમને જાણવા મળેલ નહીં અને પોલીસે તેમની પુછપરછ કરેલી અને આરોપીઓ તેમના પાડોશમાં રહેતા હોય તેથી ઓળખે છે તેવી હકીકત જણાવેલ છે. પરંતુ આ સાહેદે ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહીં આપતા તેમને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેમણે ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી જયારે આરોપી તરફે આ સાહેદની ઉલટતપાસ કરવાનો ઈન્કાર કરવામાં આવેલ છે.

(૧૪) ફરિયાદપક્ષ તરફે ત્યારબાદ PW-14 સાહેદ કિરણભાઈ વ્રજલાલભાઈ ઠકરારને આંક-૬૬ થી સોગંદ ઉપર તપાસતા તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, વર્ષ -૨૦૧૪ ના વર્ષમાં તેઓ યુનિવર્સીટી રોડ ઉપર આવેલ રાધાપાર્ક સોસાયટીમાં રહેતા હતા અને રૈયા રોડ ઉપર બાપાસીતારામ ચોક મીરાનગર પાસે આવેલ શ્રી રામ કોમ્પ્લેક્સમાં રીયલ સોડા એન્ડ કોલ્ડ્રીંક્સ ત્યાં બેસી તેઓ વેપાર કરાતા હતા અને આ વર્ષમાં તેમની દુકાન પાસે કોઈ મારા મારી થયેલી હોય કે કેમ તેની તેમને ખબર નથી. પોલીસે તેમની પુછપરછ કરેલી અને આ બનાવ વિશે તેઓ કાંઈ

જાણતા નથી અને તેમને આરોપી બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં તેવી હકીકત જણાવતા અને ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન નહીં આપતા આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતા ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

(૧૪.૧)આમ, સદર સાહેદની જુબાનીથી તેમની દુકાન પાસે આંક-૪૩ વાળી ફરિયાદ મુજબનો કોઈ બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન મળેલ નથી.

**<u>મરણોન્મુખ નોંધનાર સાહેદ</u>**

(૧૫) ફરિયાદપક્ષ તરફે PW-11 સાહેદ શુભાષભાઈ કેશુભાઈ ઉધાડને આંક-૫૪ થી સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદે તેમની જુબાનીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ તેઓ કલેક્ટર કેચરીની પી.આર.ઓ. બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા ત્યારે બપોરે ૧ ના અરસામાં પોલીસ વાન તેમને તેડવા આવેલ અને તેઓએ તેમને ડી.ડી.લેવાની વર્ધી આપવામાં આવેલ ત્યારબાદ તેઓ પોલીસ સાથે પી.સી.આર.વાનમાં સીવીલ હોસ્પીટલ રાજકોટના સર્જીકલ વોર્ડમાં ગયેલા. ત્યારબાદ તેઓ ત્યાંના ડોકટરશ્રીને મળેલા અને તેમને ઈજા પામનાર કનુ ઉર્ફે કાનો નરસંગભાઈ ડાંગરનું ડી.ડી. લેવાનું હોય તેવું જણાવવામાં આવેલ અને ડી.ડી. લેતા પહેલા ડોક્ટરની સદર દર્દી સભાન અવસ્થામાં હોવાની લેખીત સહી લઈ તેઓએ કલાક ૧૩-૧૦ મીનીટે તેઓએ ડી.ડી.લેવાનું શરૂ કરેલ અને ડી.ડી. લેતા પહેલા તેમણે દર્દીને તેમની ઓળખાણ આપી ડોકટરને સાથે રાખી એકાંત કરેલ. ત્યારબાદ તેને પ્રાથમીક વિગતો પુછતા તેણે તેમને નામ કનુ ઉર્ફે કાનો નરસંગભાઈ ડાંગર, ઉ.વ.૩૩, રહે. ૧ શ્રીજી પાર્ક, મીરાનગર પાસે, રૈયારોડ, રાજકોટ, અભ્યાસ ધોરણ-૧૦, ધંધો રીક્ષા ડ્રાઈવર જેવી વિગતો

જણાવેલ અને બનેલ બનાવની વિગત એવી જણાવેલ હતી કે, "ગઈ કાલે રાત્રે તા.૩૧/૦૮/૨૦૧૪ ના રોજ હું મારા મિત્રના ઘરે મારી નગરમાં રહેલ ત્યાંથી મારા ઘરે આવવા માટે નીકળેલ ત્યારે શેરીમાં બૈરાઓ ઝઘડો કરતા હતા એટલે મેં કહ્યું કે આતો કાયમનું થયુ ચાલો ઘરે જતા રહીએ તેમ બોલતા ૨૪ ઓરડીના ખુણા પર રહેતા એક ભાઈએ મારી સાથે ઝઘડો ચાલુ કરેલ અને મને જેમ તેમ કહેવા લાગેલ એટલે મેં તેને કહ્યુ કે ભાઈ આપણે કાંઈ વાંધો નથી તો તુ મારી સાથે શુ કામે માથાકુટ કરે છે તેમ કહી હું ત્યાંથી ઘરે આવવા નીકળેલ બાદમાં એવી જગ્યાએ હું પાન ખાવા ઉભો રહ્યો ત્યારે તે ભાઈ અને બીજો એક ભાઈ સાથે આવીને મને બળજબરીથી રીક્ષામાં બેસાડી દીધો અને મામા સેહેબના મંદિર પાસે મઢુલીના પાછળના ખુણે મારા પર હુમલો કરી મારો મોબાઈલ લઈ લીધો એટલે હું ત્યાંથી ભાગ્યો અને થોડે દુર જઈને પડી ગયેલ મને પગમાં, છાતીમાં, માથામાં ઈજા થયેલી અને હોમગાર્ડના એક જવાને એમ્બ્યુલન્સમાં બોલાવી સીવીલ હોસ્પીટલમાં લઈ આવેલ, હુમલો કરનાર એક માણસ મીરાનગર–૩ માં ૨૪ ઓરડી નં.૧ ની સામે ખુણા ઉપર રહે છે તેવું મને યાદ છે અને તે મુસ્લીમ છે તેટલુ હું જાણુ છું આ સિવાય કશુ કહેવાનું નથી. મે લખાવ્યા મુજબનું નિવેદન છે તેમ વાંચી સંભળાવતા જાણ્યુ તે બદલ મારી સહી કરુ છું". વધુમાં સાહેદે જણાવેલ છે કે, સદર ડી.ડી. તેમનાજ અક્ષરોમાં લેવાયેલ અને લખાયેલ છે અને આ લખાયા બાદ દર્દીએ તેમની રૂબરૂમાં પોતાની સહી કરેલી અને ત્યારબાદ તેમાં તેમની સહી છે અને ડી.ડી. પુરુ થયા બાદનો ડોક્ટરનો પણ તેમની રૂબરૂમાં શેરો કરવામાં આવેલો અને ત્યારબાદ તેમની સહી કરવામાં આવલી અને અંતમાં તેમના દ્વારા ડી.ડી. પુરૂ કર્યાની તારીખ અને સમય નાખવામાં આવેલ જે અસલ ડી.ડી. આંક–૫૫ થી રજુ કરે છે તેમજ ડી.ડી. લેવા પધારવા અંગેની યાદીઓ આંક–૫૬, ૫૭ થી રજુ કરેલ છે.

(૧૫.૧)આ સાહેદે તેની આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આંક–૫૭ વાળી યાદીમાં તેમની સહી નથી, આંક–૫૭ વાળી યાદી તેમને મળેલી નથી તેમજ આંક–૫૬ વાળી યાદી કલેક્ટર ઓફીસ રાજકોટ ખાતે તેમને બપોરના ૧ વાગ્યે મળેલી. આ યાદી મળ્યા બાદ તેઓ તરતજ હોસ્પીટલ જવા રવાના થયેલા. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે દર્દીએ તેમના રૂબરૂના ડી.ડી. માં બનાવનો કોઈ સમય જણાવેલ નથી. તેમજ દર્દીએ બનાવવાળી જગ્યાનું ચોક્કસ સરનામુ પણ જણાવેલ નથી. તેમજ દર્દીએ ઈજા કરનારાઓના કોઈ નામ, સરનામા જણાવેલા નથી. તેમજ રાજકોટ શહેરમાં મુસ્લીમ જ્ઞાતીના ઘણાં લોકો રહે છે તેમજ રાજકોટ શહેરમાં મામા સાહેબના મંદિરો પણ ઘણી જગ્યાએ આવેલા છે. તે સિવાય અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

**<u>મેડીકલ પુરાવાઃ–</u>**

(૧૬) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે સીવીલ હોસ્પીટલના મેડીકલ ઓફીસર PW–10 સાહેદ ડો. હર્ષદભાઈ અમૃતલાલ દુસરાને આંક–૫૦ થી સોગંદ ઉપર તપાસતા તેઓએ પોતાની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તા.૩૧/૦૮/૧૪ ના રાત્રીના ૧૧–૧૧ કલાકે તેઓ સીવીલ હોસ્પીટલ રાજકોટમાં તેમની ફરજ પર હતા ત્યારે કનુભાઈ નરસંગભાઈ ડાંગરને તેમના સગા રાજેશભાઈ સારવાર માટે લાવેલા હતા અને તેમણે મારામારીની હિસ્ટ્રી આપેલી અને કહેલુ કે મીરા નગરમાં અજાણ્યા માણસોએ છરી વડે મારેલ છે અને તેને તપાસતા જે ઈન્જરી જોવા મળેલી તેમાં (૧) છાતીની જમણી સાઈડ ૧x૨ સે.મી. ભોંકાયેલો ઘા કે ૭ સે.મી. ઉંડો હતો અને તેની ધાર સાર્પ હતી અને દિશા જમણી બાજુથી ઉપરની તરફ હતી અને છાતીના સ્નાયુ અને ફેફસાના પરને ચીરીને અંદર ગયેલ હતુ અને તેમાંથી લોહી વહેતુ હતુ. (૨) છાતીની જમણી સાઈડ ૧x૩ સે.મી. ભોકાયેલો ઘા કે જે ૮ સે.મી. ઉંડો હતો અને તેની દીશા એન્ટીરીયલ, અપવર્ડ, રાઈટસાઈડ અને તે છાતીના સ્નાયુ અને ફેફસાના

પડદાને ચીરીને અંદર ગયેલ હતો અને તેમાંથી લોહી વહેતુ હતુ. (૩)માથાના જમણા ભાગમાં ૮x૦.૫ સે.મી. કપાયેલો ઘા જોવા મળેલ તેમની ધાર સાર્પ હતી અને સબટ્યુટેનીયસ સુધી ઉંડો હતો અને તેમાંથી લોહી વહેતુ હતુ.(૪) જમણા પગમાં ૨x૦.૫ સે.મી. કપાયેલો ઘા ટેન્ડોકીલીસ જગ્યાએ જોવા મળેલ હતો જે સપ્યુટેનર, ટીશ્યુ સુધી ઉંડો હતો તથા ઘુટીની મુવમેન્ટ નોર્મલ હતી તેમના છાતીના એક્સ-રેલેવામાં આવેલ જે નોર્મલ હતો તેનું છાતીનું સીટી સ્કેન કરવામાં આવેલ હતુ જેના જમણી સાઈડ હોમેન્યુમો થોરેક્સ જોવા મળેલુ તથા જમણી બાજુના ફેફસામાં કન્ટ્યુઝન જોવા મળેલુ અને જમણી બાજુ એમફાઈસીમા જોવા મળેલુ આ દર્દીને કેસ નં. ૩૩૪૧૦૧ થી સર્જીકલ વોર્ડમાં દાખલ કરવામાં આવેલ હતો અને તેને ૦૪/૧૯/૧૪ ના રોજ રજા આપવામાં આવેલી અને તેમના મત મુજબ આ પ્રકારની ઈજાઓ તિક્ષ્ણ હથિયારથી થઈ શકે જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો તેઓ ૪ થી ૫ અઠવાડીયામાં સાજા થઈ શકે તેવું તેમનું માનવું છે તેમ જણાવી મુદ્દામાલ છરી બતાવતા તે જોઈ જણાવે છે કે આ હથિયારથી ઉપરોક્ત ઈજા નં.૧ થી ૪ સંભવી શકે તેવો તેમનો અભિપ્રાય થાય છે તેમ જણાવી અસલ મેડીકલ સર્ટીફીકેટમાં તેમની સહી ઓળખી બતાવી આંક-૫૧ થી રજુ કરેલ છે તેમજ સદરહુ દર્દી હર્ષદભાઈ ડાંગરને ઈજા બદલ એન.સી.ભરડવા સાહેબે તેમને પત્ર લખેલ કે દર્દી ભાનમાં આવ્યા થી જાણ કરવા પત્ર લખેલ જે પત્રનો તેઓએ ૧-૫૦ વાગ્યે દર્દી ઓપરેશન થીયેટરમાં છે તેવો શેરો કરેલ જે અસલ પત્રની ઓફીસ કોપી માં ડાબી બાજુના માર્જીનમાં કરેલ શેરો તેમણે કરેલો છે તેમ જણાવી અને તેમાં તેમની સહી ઓળખી બતાવી આંક-૫૨ થી રજુ કરેલ છે.

(૧૬.૧)આ સાહેદે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, મારી રૂબરૂની હિસ્ટ્રીમાં માર મારનાર તરીકે કોઈ વ્યક્તિનું નામ કે સરનામુ જણાવેલ નથી. તેમજ દર્દીને તેમની પાસે લાવવામાં આવેલ તે સમયે

લોહી નીકળવાનું ચાલુ હતુ તેમજ દર્દી બોલી ચાલી શકે તેવી સ્થિતિમાં ન હતા. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, તેમની હોસ્પીટલમાં ઈમરજન્સી વોર્ડ તથા ઓપરેશન થીયેટર અલગ અલગ આવેલા છે. તેમજ આ દર્દીની કોઈ સર્જરી કરેલ નથી. આંક–૫૧ વાળા ઈજાના પ્રમાણપત્રમાં દર્દીને જે આંતરીક ઈજાઓ થયેલી તે અંગે જણાવેલ નથી. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે તેમને મુદ્દામાલની છરી બતાવી તે સંબંધેનો તેમનો કોઈ અભિપ્રાય લીધેલો નથી તેમજ આંક–૫૧ વાળા પ્રમાણપત્રમાં સાર્પ કટીંગ સબટન્સથી થઈ શકે તેવું લખેલ છે. તે સિવાય અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

<u>**પંચ સાહેદોના પુરાવાઃ–**</u>

(૧૭) આ કામે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદ PW–1 ગંભીરસિંહ કાળુભા જાડેજાને આંક–૧૮ થી તેમજ PW–2 રવીભાઈ ભરતભાઈ કારીયાને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસતા તેઓએ આંક–૧૯ થી રજુ પંચનામામાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે પરંતુ તે સિવાય પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન નહીં આપેલ નથી. તેથી આ સાહેદોને ફરીગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ સાહેદોની આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૭.૧)આમ PW–1 તથા 2 ની જુબાની જોતાં આંક–૧૯ વાળુ બનાવવાળી જગ્યાનું પંચનામુ પંચોની રુબરુ થયેલ નહી હોવાનુ તેઓએ જણાવેલ છે.

(૧૮) તેજ રીતે આ કામે આરોપીને અટક કર્યાના પંચનામાના પંચસાહેદ PW–3 સતીષભાઈ રસીકભઆઈ ચૌહાણને આંક–૨૨ થી તેમજ PW–5 પંચસાહેદ દાનાભાઈ કમાભાઈ ચૌહાણને આંક–૨૮ થી તપાસતા તેઓએ

આંક–૨૩ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તે સિવાય પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન આપેલ નથી તેથી આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીનિ વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેમણે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ સાહેદની આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૮.૧)આમ PW–3 તથા PW–5ની જુબાની જોતાં આંક–૨૩ વાળુ પંચનામુ પંચોની રુબરુ થયેલ નહી હોવાનુ તેઓએ જણાવેલ છે.

(૧૯) તેજ રીતે આ કામે ડિસ્કવરી પંચનામાના પંચસાહેદ PW–4 પ્રકાશભાઈ શાંતિલાલ સોલંકીને આંક–૨૪ થી તપાસતા તેઓએ આંક–૨૫ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે પરંતુ તે સિવાય પંચનામાની લેશમાત્ર હકીકતને સમર્થન નહીં આપેલ નથી તેથી આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીનિ વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેમણે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આ સાહેદની આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૯.૧)આમ PW–4 ની જુબાની જોતાં આંક–૨૫ વાળુ પંચનામુ પંચોની રુબરુ થયેલ નહી હોવાનુ તેઓએ જણાવેલ છે.

(૨૦) તેજ રીતે આ કામે મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ PW–6 મોરબીયા કેતનભાઈ રમેશભાઈને આંક–૨૯ થી તપાસતા તેઓની રૂબરૂમાં નિર્મળાબેન પરમારે એક મોબાઈલ સફેદ કલરનો નોકીયા કંપનીનો તેમની રૂબરૂમાં રજુ કરતા પોલીસે કબજે કરેલ અને તે પંચનામામાં પોતાની સહી કરેલી હોવાનું જણાવી આંક–૩૦ થી રજુ પંચનામામાં પોતાની સહી હોવાનું કબુલ રાખેલ છે. આ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરી

આપેલ હોવાનું તથા તેમની રૂબરૂ કોઈ મોબાઈલ કબજે થયેલ નહીં હોવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૨૦.૧)આમ PW–6 ની જુબાની જોતાં આંક–૩૦ વાળુ પંચનામુ તેમની રૂબરૂમાં થયેલ હોવાનું અને મુદ્દામાલ તરીકે મોબાઈલ તેમની રૂબરૂમાં કબજે થયેલ હોવાની હકીકતોને સમર્થન કરેલ છે.

**પોલીસ સાહેદોના પુરાવાઃ–**

(૨૧) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પોલીસ સાહેદ PW–12 નટવરલાલ કરશનજીભાઈ બોરીસાગરને આંક–૫૯ થી સોગંદ ઉપર તપાસતા તેઓએ પોતાના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ ફેબ્રુઆરી ૨૦૧૫ થી સ્પે.શાખામાં ફરજ બજાવે છે તેમના ફરજમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી સ્પે. બ્રાન્ચ મારફતે જે જે જાહેરનામા બહાર પાડતા હોય છે તે જાહેરનામા સંબંધેની કામગીરી કરે છે અને રાજકોટના મોહન ઝા સાહેબે રાજકોટ શહેર અને રાજકોટ શહેર હકુમત વિસ્તાર હથિયાર સબંધી વિગેરે જાહેરનામુ તા.૨૪/૦૬/૨૦૧૪ ના રોજ બહાર પાડેલ તે જાહેરનામા ક્રમાંક નં.એસ.બી./જાહેરનામુ/૨૨૮૮/૨૦૧૪ સુધી બહાર પાડેલ તે જેની અમલવારી સમય તા.૦૧/૦૭/૨૦૧૪ થી તા. ૩૧/૦૮/૨૦૧૪ સુધી જે તે વખતે બહાર પાડેલ તે જાહેરનામુ બહાર પાડનાર પોલીસ કમિશ્નરશ્રી મોહન ઝા સાહેબની સહી ઓળખી બતાવી જાહેરનામુ આંક–૬૦ થી રજુ કરે છે.

(૨૧.૧)આ સાહેદે તેની આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આ જાહેરનામાની પ્રસિદ્ધીની કાર્યવાહી તેઓએ જાતેથી કોઈ જગ્યાએ કરેલ નથી તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, આ જાહેરનામુ કઈ જગ્યાએ, કેવી રીતે પ્રસિદ્ધ થયેલ તેની જાત માહિતી નથી.

(૨૧.૨)આમ, આ સાહેદની જુબાની જોવામાં આવે તો પોલીસ કમીશ્નરશ્રી દ્વારા હથિયારબંધીનું જાહેરનામુ તા. ૦૧/૦૭/૨૦૧૪ થી તા. ૩૧/૦૮/૨૦૧૪ સુધીનું બહાર પાડેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ તે જાહેરનામુ ઢંઢેરો પીટાવી તેમજ જાહેર સ્થળોએ ચોંટાડી પ્રસિદ્ધ કરેલ હોય તેવી કોઈ હકીકત આ સાહેદની જુબાનીથી રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૨) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફે પોલીસ સાહેદ PW−13 નાનજીભાઈ ભીમસિંહભાઈ ભરડવાને આંક−૬૨ થી સોગંદ ઉપર તપાસતા તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, ગઈ તા. ૩૧/૦૮/૨૦૧૪ ના રોજ તેઓ ગાંધીગ્રામ પોલીસ સ્ટેસનમાં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમને પી.એસ.ઓ. તરફથી જાણવાજોગ મળેલ તેમાં સીતારામ ચોક, સતવારા વાડીની સામે કનુ ઉર્ફે કાનો નરસંગભાઈ ડાંગરને બે અજાણ્યા ઈસમોએ છરીથી ઈજા કરેલ હોય જે અંગેની આગળની કાર્યવાહી માટે મળતા તેમણે હોસ્પીટલ જઈ ડોકટર સાહેબના દર્દી ભાનમાં છે કે નહીં? તે અંગેનો કાગળ આપેલ જેથી ડોકટરે ભાનમાં હોવાની જાણ કરતા તેમના ભાઈ રાજેશભાઈ નરસંગભાઈ ડાંગર રહે. રાજકોટ વાળાએ તેમનું નિવેદન ફરિયાદ જાહેર કરતા લખાવેલ કે, રાત્રીના ૧૦.૩૦ વાગ્યે મારા નાના ભાઈ કનુ ઉર્ફે કાનાને માર મારેલ હોય તે અંગેનો ફોન પિયુષભાઈનો આવતા હું ત્યાં ગયેલ અને કનુ ઉર્ફે કાનાએ જણાવેલ કે ઈદરીસ અને યુનુસભાઈએ છાતીના ભાગે છરીના બે ભાગ તથા માથાના ભાગે એક ઘા મારીને ઈજા કરેલ છે તે મ કહેલ. સુરેશભાઈએ ૧૦૮ ને ફોન કરતા તેમને લઈ જઈ કનુ ઉર્ફે કાનાને દાખલ કરેલ અને બનાવ મીરાનગરમાં બૈરાને થયેલ માથાકુટ બાબતે બનેલાનું જણાવેલ તે વિગતવારની ફરિયાદ લઈ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવા આપેલ હતી અને ઈજા પામનારનું ડી.ડી. લેવા માટે એકઝી.મેજી. સાહેબના રીપોર્ટ કરેલ હતો તેમ જણાવી આંક−૪૩ વાળી ફરિયાદમાં પોતાની તથા પોતાના રૂબરૂ ફરિયાદીની સહી ઓળખી બતાવેલ છે તેમજ

ગુનો દાખલ કરવા કરાયેલ અસલ રીપોર્ટ આંક–૬૩ થી તેમજ એફ.આઈ.આર. આંક–૬૪ થી રજુ કરેલ છે તેમજ આંક–૫૭ વાળુ ડી.ડી. લેવા પધારવા માટે એક્ઝી.મેજી.સાહેબને લખાયેલ પત્રમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આંક–૫૨ વાળો પત્ર તે તેમના દ્વારા સરકારી હોસ્પીટલના મેડીકલ ઓફીસરને દર્દી ભાનમાં અંગે જાણ કર્યા અંગેનો પત્ર હોવાનું જણાવી તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે તેમજ આગળની તપાસ ગુનો દાખલ થયા બાદ તેમના પોલીસ સ્ટેશનના અન્ય અધિકારી દ્વારા સંભાળી લેવામાં આવેલાની હકીકત જણાવેલ છે.

(૨૨.૧)આ સાહેદે તેમની આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીત સ્વીકારેલ છે કે, પી.એસ.ઓ. તરફથી મને જે જાણવા મળેલ તેમાં કોઈ આરોપીના નામ જણાવેલ ન હતા તેમજ હાલના ગુનાની ફરિયાદ બનાવ બાદ આશરે સાડા ત્રણ કલાક જેટલા સમય પછી નોંધવામાં આવેલી છે તેમજ આંક–૫૨ અને ૫૭ માં કોઈ આરોપીના નામ જણાવેલ નથી. તે સિવાય અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૨૩) ફરિયાદપક્ષ તરફે ત્યારબાદ PW–15 ત.ક.અ. વીરભદ્રસિંહ મહીપતસિંહ જાડેજાને આંક–૭૯ થી સોગંદ ઉપર તપાસેલા છે, તેઓએ મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, તા.૦૧/૦૯/૨૦૧૪ ના અરસામાં તેઓ પી.આઈ. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૨૩૯/૨૦૧૪, ઈ.પી.કો.કલમ ૩૦૭, ૧૧૪ વિગેરેની ફરિયાદની તપાસ તેઓએ સંભાળેલ અને ફરિયાદ લેનાર પી.એસ.આઈ. શ્રી ભરડવા પાસેથી ગુનાની હકીકત જાણેલ અને જાણવા જોગના કામે કરેલા કાગળો તતા આરોપીના બહેન ફાતમાબેને આપેલ એન.સી. ફરિયાદ તપાસમાં સામેલ રાખેલ. તેમજ આ કામે બનાવવાળી જગ્યા તેમજ સરકારી હોસ્પીલટની મુલાકાતા લીધેલી તેમજ સાહેદોના નિવેદનો નોંધી તપાસમાં સામેલ રાખેલા અને

તેઓએ ફરિયાદને અનુરૂપ નિવેદનો આપેલા. તેમજ આ કામે ભોગબનનારનું સારવારનું સર્ટીફીકેટ તથા લોહીના નમુના લેવા માટે યાદી પાઠવી નમુનાઓ તથા સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખે. તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ તૈયાર કરી તેમાં તેઓની સહીઓ મેળવેલ તેમજ આ કામે ભોગબનનારનું ડી.ડી. લેવા માટે યાદી કરી નકશો તૈયાર કરી તપાસના કામે સામેલ રાખેલ તેમજ આ ગુનાના આરોપીઓ યુસુફ અન્સારી તથા ઈદ્રીશ અન્સારીન અટક કરી તેમની શરીર સ્થિતિનું પંચનામુ કરેલ તેમજ આરોપી યુસુફ અન્સારીએ ગુનાના કામે વાપરેલ રીક્ષા તથા છરી જે જગ્યાએ રાખેલ તે બતાવવા માંગતા હોય પંચો રૂબરૂ ડિસ્કવરી પંચનામુ કરેલ જેમાં રીક્ષા માંથી મળી આવેલ છરી તથા લોહીના ડાઘ તથા ગુના વખતે પહેરેલ કપડા જે લોહી વાળા થયેલા તે કપડા સહિતનો મુદ્દામાલ એફ.એસ.એલ. અધિકારીની સુચના મુજબ પંચનામાની વિગતે સીલ કરી ગુનાના કામે કબજે કરવામાં આવેલ જેમાં પંચોએ તથા તેમણે સહી કરેલી. વધુમાં જણાવેલ છે કે,આ કામે ભોગબનનારનું નિવેદન તથા વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને ભોગ બનનારનું શરીર સ્થિતિનું પંચનામુ કરી લોહી વાળુ ટી–શર્ટ પંચનામાની વિગતે સીલ કરી ગુનાના કામે કબજે કરવામાં આવેલ. આરોપીના બ્લડ સેમ્પલો મેળવી ગુનાના કામે સામેલ રાખેલ તથા આરોપીઓના સીડીઆર મેળવવા માટે યાદી પાઠવી સીડીઆર મેળવવામાં આવેલ. તેમજ આ કામે કબજે કરેલ મુદ્દામાલનું પૃથ્થકરણ અર્થે એફ.એસ.એલ.માં રવાનગી યાદી સાથે મોકલી એપ.એસ.એલ.અહેવાલ મેળવી તપાસમાં સામેલ રાખેલ તેમજ આ કામે ભોગબનનારનો મોબાઈલ સાહેદ નિર્મળાબેનને મળેલ હોય પંચનામા મુજબ કબજે કરી તેણીનું નિવેદન નોંધી તપાસના કામે સામેલ રાખેલ તેમજ આરોપીઓ વિરૂદ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલાનું જણાવી આંક–૧૯ તેમજ ૨૩ અને ૨૫ વાળા પંચનામા જોઈ

તેમાં પંચોની તેમજ રૂબરૂ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે તેમજ એફ.એસ.એલ. ઈન્વેસ્ટીગેશન મોબાઈલ વાન દ્વારા કરાયેલ પ્રાથમીક રીપોર્ટ આંક–૮૦ થી, પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. દ્વારા લખાલેચલ પત્ર આંક–૮૧ થી, ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ તેમજ એચ.એમ. રીપોર્ટ આંક–૮૨ તથા ૮૩ થી તેમજ તેમના દ્વારા ફરિયાદીના બ્લડ સેમ્પલ લેવા માટે કરાયેલી યાદીઓમાં તેમની સહી ઓળખી બતાવી આંક–૮૪ તથા ૮૫ થી તેમજ સીવીલ હોસ્પીટલ દ્વારા બન્ને આરોપીના બ્લડ સેમ્પલ લેવાયેલા જે કુલ ત્રણ કાગળો આંક–૮૬ થી તેમજ તેમના દ્વારા સારવાર સર્ટીફીકેટ તૈયાર કરવા બાબત, બનાવવાળી જગ્યાનો અભિપ્રાય આપવા બાબત તેમજ બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા બાબતના પત્રો અનુક્રમે આંક–૮૭, ૮૮, ૮૯ થી રજુ કરેલ છે તેમજ આરોપીઓનો અટકાયતી મેમો આંક–૯૦ થી આરોપીઓની રીક્ષા અંગેનો અભિપ્રાય આપવાનો પત્ર તેમજ રીક્ષાના ફોટોગ્રાફ્સ આંક– ૯૧,૯૨ તેમજ ૯૩ થી તેમજ રીક્ષાની માલીકીની વિગત દર્શાવતો શ્રી રામ ફાયનાન્સ કંપનીનો પત્ર આંક–૯૪ થી તેમજ તેમના દ્વારા માંગવામાં આવેલ કોલ ડીટેઈલ અને તે પત્રના અનુસંધાને મેળવેલ કોલ ડીટેઈલ રીપોર્ટ અનુક્રમે આંક–૯૫ તથા ૯૬ થી તેમજ સર્કલ ઈન્સ્પેકટરશ્રીને સ્થાનિક જગ્યાનો નકશો બનાવવા માટે પત્ર લખાયેલ તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૯૭ થી તેમજ એફ.એસ.એલ. કચેરી દ્વારા આપવામાં આવેલ સીરોલોજીકલ રીપોર્ટ કુલ ત્રણ કાગળો આંક–૯૮ થી તેમજ તેમના દ્વારા મુદ્દામાલ પૃથ્થકરણ કરવામાં આવેલ પત્ર, મુદ્દામાલ વર્ણન, સીલનો નમુનો, રવાનગી યાદી અને સત્તા અંગેનુ પ્રમાણપત્ર કુલ ૦૭ કાગળો સંયુકત આંક–૯૯ થી રજુ કરેલ છે.તેમજ તેમને મુદ્દામાલ તથા આરોપીઓ બતાવવામાં આવે તો ઓળખી શકે તેવી હકીકત જણાવેલ છે. તેમજ આરોપી નં.૧ ને ઓળખી બતાવેલ છે અને આરોપી નં.૨ ગેરહાજર હોય તેનો હાજરી માંથી મુક્તિનો રીપોર્ટ રજુ છે અને તેની

ઓળખ અંગની તકરાર જતી કરેલ છે. વધુમાં સાહેદને મુદ્દામાલના કપડા તથા મુદ્દામાલની છરી બતાવતા તે તેઓએ તપાસના કામે કબજે કરેલ હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ છરીની સાથે જે કાગળની સ્લીપ છે તે જોઈ તેમાં બન્ને પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૦૦ થી તેમજ ભોગબનનારના ટી–શર્ટ સાથે જે કાગળની સ્લીપ લગાડેલ તેમાં પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવી આંક–૧૦૧ થી રજુકરેલ છે. વધુમાં મુદ્દામાલ આર્ટીકલ–જી જે સીલબંધ હાલતમાં હોય તે ખોલતા તેની અંદરથી જે કપડા નીકળેલ તે આરોપી યુનુસ ઈલીયાસના કપડા હોવાનું ઓળખી બતાવેલ છે તેમજ તેની સાથે પંચોની સહી વાળી સ્લીપ નીકળેલ તેમાં પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવી આંક–૧૦૨ થી રજુ કરેલ છે. તેમજ મુદ્દામાલ આર્ટીકલ–એચ જે મુદ્દામાલ સીલબંધ હાલમાં હોય તેને કોર્ટ રૂબરૂ ખોલતા તેની અંદરથી જે કપડા નીકળેલ છે તે આરોપી ઈદ્રીસ ઈલીયાસ અન્સારીના કપડા હોવાનું જણાવી તેની સાથે પંચોની સહી વાળી સ્લીપ નીકળેલ છે તેમાં પંચોની તથા પોતાની સહી ઓળખી બતાવી તે સ્લીપ આંક–૧૦૩ થી રજુ કરેલ છે.

(૨૩.૧)આ સાહેદે તેની આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, ફાતમાબેને આપેલ એન.સી.ફરિયાદ તેમણે હાલના ગુનાના કામમાં પેપર્સ માં સામેલ રાખેલ નથી. આ કામે મુદ્દામાલની રીક્ષા કબજે કરવામાં આવેલ તે રીક્ષા ઓરોપીઓ પૈકી કોઈની પણ માલીકીની નથી તેમજ આ રીક્ષાના માલીકનું નિવેદન તેઓએ લીધેલ નથી તેમજ રીક્ષા જે સ્થળેથી કબજે કરેલ તે જાહેર સ્થળ હતુ તેમજ જે જગ્યાએથી રીક્ષા કબજે કરેલ તેની આસપાસના કોઈ વ્યક્તિના નિવેદન તેમણે લીધેલા નથી તેમજ રીક્ષા માંથી જે છરી કબજે કરવામાં આવેલી તે છરી કરકરીયા વાળી હતી તેમજ પંચનામામાં "કરકરીયા" તે શબ્દનો ઉલ્લેખ કરેલ નથી તેનો પણ સ્વીકાર કરેલ છે. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, આવી છરી

બજારમાંથી સહેલાઈથી મળી શકે છે. તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે, તેમણે તપાસ સંભાળેલી ત્યારે ફરિયાદ તથા અન્ય પેપર્સ વંચાણે લીધેલા. આ ફરિયાદમાં આરોપીઓનું પુરુ નામ તથા સરનામુ ન હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરિયાદમાં યુનુસ ઈલીયાસ તથા ઈદ્રીસ ઈલીયાસ તેટલા બે નામનો ઉલ્લેખ છે. એ હકીકત સ્વીકારેલ છે કે રાજકોટમાં યુનુસ અને ઈદ્રીસ નામની ઘણી બધી વ્યક્તિઓ હોઈ શકે તેમજ એ હકીકત સ્વીકારેલ છે કે ભોગ બનનારે મામલતદારશ્રી રૂબરૂ જે નિવેદન આપેલ તે નિવેદન તેમણે વાંચેલ, આ નિવેદનમાં કોઈ આરોપીઓના નામ ન હતા તેમજ ભોગબનનારના નિવેદનમાં રીક્ષા નંબરનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેમજ શ્રી રામ કોમ્પ્લેક્સમાં ઘણી દુકાનો આવેલ છે. તે સિવાય અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૨૪) આમ, ફરિયાદપક્ષ તરફથી આંક-૧ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાના આક્ષેપો પુરવાર કરવા માટે જે મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે તે તમામનું એકરૂપ રીતે અવલોકન, મુલ્યાંકન અને પૃથ્થકરણ કરતા આંક-૪૨ થી PW-૭ તરીકે ફરિયાદી રાજેશભાઈ ડાંગરની જુબાની જોતા તેઓ ઈજા પામનાર કનુભાઈના ભાઈ થાય છે પરંતુ તેઓએ બનાવ નજરે જોયેલ નથી. આંક-૪૩ ની ફરિયાદ મુજબ તેઓ જયારે હોસ્પીટલમાં હતા ત્યારે કનુભાઈના મિત્ર અજયભાઈ ચુડાસમાએ તેઓને વાત કરેલ કે નીલેશભાઈ ભરવાડની ઓરડીઓમાં બોલાચાલી થયેલ અને ત્યારબાદ કનુભાઈને યુનુસ તથા ઈદ્રીસે "કેમ બૈરાઓને જેમ તેમ બોલે છે" તેમ કહીને છરી મારેલ હતી. સદર કામે ફરિયાદીની જુબાની મુજબ બનાવની હકીકત તેઓને તેમના ભાઈ કનુભાઈએ ૧૦૮ એમ્બ્યુલન્સમાં દવાખાને જતી વખતે જણાવેલ હોવાનું કહેવું છે. સદર કામે આંક-૪૩ ની ફરિયાદ જોતા બનાવ અંગેની હકીકત કનુભાઈ જયારે પીયુષભાઈના ઘર પાસે પડેલ હતા તે વખતે જણાવેલ હોવાનું ફરિયાદમાં જણાવેલ છે. સદર કામે આંક-૪૫ થી PW-૮

કનુભાઈ નરસંગભાઈ ડાંગર કે જેઓ જાતે ઈજા પામનાર છે તેઓની જુબાની જોતા તેઓએ ક્યારે તેમના ભાઈ રાજેશભાઈને બનાવ અંગેની હકીકત જણાવી તેવી કોઈ હકીકત ફલીત થતી નથી તેમજ સદર ઈજા પામનારે બનાવ બાબતે ડોક્ટરને પણ કોઈ હકીકત જણાવેલી નથી. તેમજ તેઓને હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયા બાદ તેઓ બેભાન થઈ ગયેલા અને સવારે ભાનમાં આવ્યા ત્યાં સુધી તેઓને તેમના ભાઈ રાજેશભાઈ સાથે કોઈ વાતચીત થયેલ નહીં હોવાનું જણાવેલ છે. ફરિયાદ હકીકત મુજબ બનાવ અંગેની હકીકત હોસ્પીટલમાં અજયભાઈ ચુડાસમા નામની વ્યક્તિએ ફરિયાદીને કરેલ હોવાનું રેકર્ડ ઉપર છે. પરંતુ ફરિયાદપક્ષે તેવી કોઈ વ્યક્તિને આ કામે તપાસેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે જીતેન્દ્રભાઈ તેમજ સુરેશભાઈને પણ આ કામે તપાસેલા નથી. સદર કામે બનાવ સ્થળના સાહેદ તરીકે આંક-૬૬ થી PW-૧૪ કીરણભાઈને તપાસેલા છે. જેઓની જુબાની જોતા તેઓએ ફરિયાદ હકીકત મુજબની કોઈ હકીકતોને કોઈ સમર્થન કરેલ નથી. આમ, ફરિયાદી રાજેશભાઈને બનાવ અંગેની જાણ ક્યારે અને કેવીરીતે થયેલી તે બાબતે ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવામાં મહત્વનો વિરોધાભાષ રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલ હોવાની બચાવપક્ષની રજુઆતને નહીં માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. વધુમાં ઈજા પામનારે બનાવ અંગેની કોઈ હકીકત ડોક્ટરને જણાવેલ નહીં હોવાનું તેમનું કહેવું છે. તેમજ તેઓએ બનાવ અંગેની હકીકત ક્યારે તેઓના ભાઈ રાજેશભાઈને કરેલી તે બાબતે રેકર્ડ ઉપર મહત્વનો વિરોધાભાષ પ્રસ્તુત થયેલો છે. તેમજ બન્ને તબક્કાના બનાવો વખતે ઈજા પામનારની સાથે જે વ્યક્તિ હતી તે વ્યક્તિને ફરિયાદપક્ષે તપાસેલ નથી તેમજ તેઓને શા માટે તપાસેલા નથી તે અંગેનો કોઈ વ્યાજબી ખુલાસો પણ ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર કરેલ નથી. વધુમાં બન્ને તબક્કાના બનાવના સ્થળે રહેણાંકના મકાનોમાં લોકો રહેતા હોવાની હકીકત રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલી છે. પરંતુ તપાસના કામે તેવા

કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લેવામાં આવેલા હોય અને તેવા સાહેદોએ બન્ને બનાવોની હકીકતોને જુબાનીથી સમર્થન આપેલ હોય તેવું બનેલ નથી. સદર કામે ફરિયાદપક્ષે જે તટસ્થ સાહેદોને તપાસેલા છે તેઓએ ફરિયાદ હકીકતને કોઈ સમર્થન કરેલ નથી.

(૨૪.૧)સદર કામે PW–10 તરીકે ડો. હર્ષદભાઈને તપાસેલા છે. જેઓએ રજુ કરેલ આંક–૫૧ ના મેડીકલ સર્ટીફીકેટ મુજબની ઈજાઓ ઈજા પામનારને થયેલી હોવાનું જણાવેલ છે. તેઓએ ઈજા પામનારની કોઈ સર્જરી કરવામાં આવેલ નહીં હોવાનું તેમજ ઈજા પામનારને તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ રજા આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. સદર કામે ઈજા પામનારનું સારવાર દરમ્યાન આંક–૫૫ થી રજુ મરણોન્મુખ નિવેદન PW–11 દ્વારા નોંધવામાં આવેલ હોવાનું ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલુ છે. સદર કામે ઈજા પામનાર હાલમાં પણ હયાત છે. જેથી આંક–૫૫ વાળુ મરણોન્મુખ નિવેદન માત્ર ડોકટર સમક્ષનું નિવેદન રહી જવા પામે છે. સદર આંક–૫૫ ના નિવેદનને ધ્યાને લેતા તેમાં પણ ઈજા પામનારે તેઓને કોણે ઈજાઓ કરેલી તેવી કોઈ વ્યક્તિઓના નામ જણાવેલા નથી. સદર નિવેદન તા.૦૧/૦૯/૨૦૧૪ ના રોજ નોંધાયેલ હોવાનું ફલિત થાય છે. આમ, ઈજા પામનારે આંક–૫૫ ના નિવેદનમાં ઈજા કરનાર વ્યક્તિઓના કોઈ નામ, વર્ણન જણાવેલા નથી. સદર કામે PW–૧૦ ડો. હર્ષદભાઈની જુબાની અને આંક–૫૧ ના મેડીકલ સર્ટીફીકેટ મુજબ ઈજાપામનાર કનુભાઈ ને ઈજાઓ થયેલા નુ પુરવાર થાય છે પરંતુ તેવી ઈજાઓ હાલના આરોપીઓએ છરી જેવા હથિયારથી પ્રાણઘાતક હુમલો કરી કરેલી હોય તેવી હકીકત ફરિયાદપક્ષ રજુ થયેલ પુરાવાથી શંકારહીત પુરવાર કરી શકેલ નહીં હોવાની બચાવપક્ષની રજુઆતને નહીં માનવા માટે કોઈ કારણ જણાતુ નથી. સદર કામે આરોપીઓ પાસેથી મુદ્દામાલ છરી પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલ હોય તેવી હકીકતને પંચોએ સમર્થન કરેલ નથી. જેથી માત્ર તપાસ કરનાર અધિકારીના કહેવા મુજબ

તેઓએ મુદ્દામાલ છરી પંચોની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબ પંચનામુ કરી તપાસના કામે કબજે કરેલ હોય તેવી હકીકત નિઃશંકપણે માની શકાય તેમ નથી તેવી બચાવપક્ષની રજુઆતને નહીં માનવા માટે કોઈ કારણ જણાતુ નથી.

(૨૫) આમ, ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતા આંક-૪૩ મુજબની ફરિયાદ હકીકત મુજબના બનાવમાં આરોપીઓએ ઈજા પામનાર કનુભાઈને છરી વડે પ્રાણઘાતક ઈજાઓ કરેલ હોય તેવી હકીકતને નિઃશંકપણે પુરવાર કરી શકેલ નહીં હોવાનું રેકર્ડ ઉપર પ્રસ્તુત થયેલ છે. જેથી ઉપરોક્ત કરેલ સમગ્ર ચર્ચા અને પુરાવાનું મુલ્યાંકન ધ્યાને લેતા ફરિયાદપક્ષ આંક-૧ ના તહોમતનામા મુજબના આક્ષેપો ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, અને શંકાનો લાભ હંમેશા આરોપીઓ ને મળવાપાત્ર બનતો હોય છે, તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આ કામના આરોપીઓ (૧) ઈનુસભાઈ ઈલીયાસભાઈ અનસારી, ઉ.વ.૨૭, રહે. હાલ મીરાનગર શેરી નં.૩, ૨૪ ઓરડી, ભરવાડના મકાનમાં, રાજકોટ તથા (૨) ઈદ્રીશભાઈ ઈલીયાસભાઈ અનસારી, ઉ.વ.૩૪, ગાંધીગ્રામ, ગાંધીનગર શેરી નં.૪, રાજકોટ વાળાને ઈ.પી.કો. કલમ-૩૦૭, ૧૧૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ -૪૩૭(એ) અન્વયે રૂ૦ ૫,૦૦૦/- ના સદ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે મુ.પા.નં. ૩૯૧/૨૦૧૪ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૧ નોકીયા કંપનીનો મોબાઈલ જે અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તે હુકમ અપીલ સમય વિત્યેથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે. તેમજ મુ.પા.નં. ૩૪૨/૨૦૧૪ ના મુદ્દામાલ આર્ટીકલ નં.૯ બજાજ કંપનીની રીક્ષા અંગે વચગાળાનો જો કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ અપીલ સમય વિત્યેથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે અન્યથા સદર મુદ્દામાલ નિયમાનુસાર સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવેલ છે. તે સિવાય સદર કામનો સમગ્ર મુદ્દામાલ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૫૨ અન્વયે અપીલ સમય વિત્યે નાશ કરવા માટે કેસ કમીટ કરનાર કોર્ટમાં સત્વરે મોકલી આપવો.

આ હુકમ આજરોજ તા.૧૧ મી, માહે-નવેમ્બર, સને-૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા.૧૧/૧૧/૨૦૨૨

એચ.એમ.અંજારિયા-પી.એ.

**(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)**
૯મા અધિક સેશન્સ જજ,
રાજકોટ.
(જજ કોડ નં. જી.જે.૦૦૬૪૬)

૯ મા એડી.સેશન્સ જજ
રાજકોટ